Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી
# આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.



પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

આત્મ સંવત ૯૨ ફાગણ પુસ્તક : ૮૪
વીર સંવત ૨૫૧૩ માર્ચ અંક : ૫
વિક્રમ સંવત ૨૦૪૩ ૧૯૮૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી નેમિનાથ જિન સ્તવન | ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ | ૬૫ |
| (૨) | કાના માત્ર વગરના ત્રણ અક્ષર | ડૉ. કુમારપાળ દેશાઈ | ૬૭ |
| (૩) | સંવત ૨૦૪૨નું હિસાબ અને સરવૈયું | — | ૬૮ |
| (૪) | ધર્મ સાધનાં | સંકલન શ્રી હીરાલાલ બી. શાહ | ૭૨ |
| (૫) | નવધા ભક્તિનું સ્વરૂપ | — | ૭૩ |
| (૬) | પૂ. ઉપા શ્રી યશોવિજયજીનું વંશવૃક્ષ | — | ૭૬ |
| (૭) | શ્રી યશોવિજયજી મહારાજ | સં. રાયચંદ મગનલાલ શાહ | [illegible] |
| (૮) | સ્વીકાર અને સમાચોચના | — | ૮૦ |
| (૯) | ઉપાસના ખંડ | — | ટાઈટલ પેજ ૩ |


## આ સભાના નવા આજીવન સભ્યો

**(૧) શ્રી ચન્દ્રકાન્ત પોપટલાલ સલોત**

**(૧) કુમારપાળ અમૃતલાલ દોશી મુલુન્ડ–મુંબઈ**

## આવતો અંક

'આત્માનંદ-પ્રકાશ'નો આવતો અંક તા. ૧૬-૪-'૮૭ના રોજ મહાવીર જન્મકલ્યાણક અંક તરીકે બહાર પડશે તો લેખકોને તે અંગે લેખો કાવ્યો તુરતજ મોકલી આપવા નમ્ર વિનંતી.

— તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૪ ] ● વિ. સં. ૨૦૪૩ ફાગણ : માર્ચ-૧૯૮૭ ● [ અંક : ૫

# શ્રી નેમિનાથ જિન સ્તવન

લે. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ

( કાચી કળી અનારકી રે હાં–એ દેશી )

તોરણથી રથ ફેરી ગયા રે હાં પશુઆં દેઈ શિર દોષ મેરે વાલમાં;
નવભવ નેહ નિવારિયો રે હાં, સ્યોં જોઇ આવ્યા જોશ ? મેરે૦ ૧.

ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામને સીતા વિયોગ મેરે૦
તેહ કુરંગને વયણલે રે હાં, પતિ આવે કુણ લોગ ? મેરે૦ ૨

ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધૂતારી હેત; મેરે૦
સિદ્ધ અનંત ભોગવી રે હાં, તેહ શું કવણ સંકેત ? મેરે૦ ૩

પ્રીત કરતા સોહલી રે હાં નિરવહતાં જંજાળ, મેરે૦
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની જાળ. મેરે૦ ૪

જો વિવાહ અવસર દીઓ રે હાં, હાથ ઉપર નવિ હાથ, મેરે૦
દીક્ષા અવસર દીજીએ રે હાં, શિર ઉપર જગનાથ મેરે૦ ૫

એમ વિલવતી રાજુલ ગઈ રે હાં, નેમિ કને. મેરે૦
**વાચક યશ** કહે પ્રણમીએ રે હાં, એ દંપતી હોય સિદ્ધ. મેરે૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાવાર્થ

મહાસતી રાજીમતી નેમિનાથ પ્રભુને કહે છે, "હે નાથ! પશુઓના પોકારનું બહાનુ બતાવીને આપ તોરણે આવીને રથ પાછો ફેરવીને ચાલ્યા ગયા! અને મારી સાથેની નવ ભવની પ્રીત ભૂલી ગયા શું? તો આપ પરણવા નીકળ્યા ત્યારે કેવી જાતનું મુહૂર્ત જોવડાવ્યું હતું? ૧.

હે સ્વામીનાથ! જે હરણને કારણે ચંદ્ર કલંકિત કહેવાય છે, અને જે હરણને કારણે રામ અને સીતાજીનો વિયોગ થયો હતો તે કુરંગ (હરણ)ને વચને આપ પાછા ફર્યા એવી વાત કોણ માને? ૨.

હે સ્વામીનાથ! મને આપે મનમાંથી ઉતારી દીધી તેનું સાચું કારણ તો હું જાણી ગઈ છું હો! પ્રભુ! અનંત સિદ્ધોએ ભોગવેલી ધૂતારી મુક્તિ-વધૂને મેળવવાની આપને ઇચ્છા થઇ છે એ જ સાચું કારણ છે ને? કોણ જાણે આપે તે મુક્તિરમણી સાથે શું ગુપ્ત સંકેત કર્યો હશે! ૩.

પરંતુ હે પ્રભુ આપ સમજી લેજો કે મુક્તિ-વધૂ સાથે પ્રીત કરવી સહેલી છે પણ તેને ટકાવી રાખવી એ ઘણું અઘરૂં છે. સર્પને હાથમાં રમાડવો કે અગ્નિની જવાળા સાથે કામ પાડવું એ બે જેટલા અઘરા છે એટલુંજ કઠણ એ મુક્તિ-વધૂ સાથે પ્રેમ ટકાવી રાખવો એ છે. ૪.

પણ હે પ્રભુ લગ્નના પ્રસંગે આપે ભલે મારા હાથ ઉપર હાથ મૂક્યો નહિ, (ભલે હસ્ત-મેળાપ ન કર્યો) પણ હવે મને દીક્ષા લેવાનો અવસર આપો જેથી હે જગતના નાથ મારા શિર ઉપર આપનો હાથ રહે (અર્થાત્ આપને હાથેજ વાસક્ષેપ નખાવીશ.) ૫.

આ પ્રમાણે વિલાપ કરતા રાજીમતીજી નેમિનાથ પ્રભુ પાસે ગયાં અને તેમની પાસે દીક્ષા લીધી. વાચક યશ એટલે કે ઉપાધ્યાયશ્રી યશોવિજયજી કહે છે કે અંતમાં એ દંપતી નેમ-રાજુલ સિદ્ધ થયા એમને આપણે પ્રણામ કરીએ. ૬.

## સફળતાની ચાવી

તમારા મગજમાંથી ગુલામી મનોદશા હાંકી કાઢો. તમે માલીક છો. સ્વતંત્ર છો. મુખ્ય મુશ્કેલી એ છે કે આપણામાંના ઘણાખરા, માનસિક જડતા અનુવવીએ છીએ. એ જડતા કે જે આપણને બંધનમાં રાખી રહી છે તેને દૂર કરી, આપણામાં યોગ્ય વિચારો જાગ્રત કરી, આપણી જાતને હલાવીએ તો સઘળા સંજોગ આપણને અનુકૂળ થશે. उत्तिष्ठत जाग्रत ઊઠો અને જાગો.

— ડોસનના લખાણુના આધારે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • કાના માત્ર વગરના ત્રણ અક્ષર

• ડૉ. કુમારપાળ દેસાઈ

વસંતપુરનો રાજા. નામ અરિદમન. તેને ચાર માનીતી રાણી. એક અણમાનીતી.

પર્યુષણ પર્વના દિવસ આવ્યા. સહુના મનમાં કંઈ પુણ્યકાર્ય કરવાનું મન થયું. ફાંસીની સજા પામેલો એક ચોર આવતી કાલે ફાંસીના દોર પર લટકવાનો.

પહેલી રાણીએ એક દિવસ માટે એનું જીવન માગ્યું. ચોરને પોતાને આવાસે લઈ ગઈ. સ્નાન, વિલેપન, ગીત, નૃત્યને ભોજન કરાવ્યું! રૂપિયા એક હજાર ખરચ્યા.

ચોરને મજા પડી, પણ રાતે ઉંઘ ન આવી.

બીજે દિવસ ને બીજી રાણીએ ચોરની રક્ષા માગી. એણે રૂપિયા દસહજાર ખરચ્યા. ચોરને બધામાં આનંદ આવ્યો. પણ ખાવું ભાવ્યું નહિ.

ત્રીજી રાણીએ ત્રીજે દિવસ માગ્યો. એણે પણ વીસ હજાર ખરચ્યા ચોરને રીઝવવા ખુદ પોતે નૃત્ય કર્યું, પણ ચોર જાણે મનની ચોરી કરવા લાગ્યો.

ચોથી રાણીએ ચોરની રક્ષામાં આડો આંક વાળ્યો. એક લાખનું ખર્ચ કર્યું, ચોરને મજા આવી, પણ મોજ ન આવી.

પાંચમે દિવસે અણમાનીતીએ ચોરની રક્ષા માગી. રાજા કહે, 'કેટલું ખર્ચ કરીશ?'

અણમાનીતી કહે, ફુટયા ભાગ્યની છું, મારે ત્યાં ખાટલામાં માંકડ છે, મકાનમાં બગાઇઓ છે ને મારા વાળમાં જૂઓ છે. હું એને શું આપું? પણ મહારાજ! આકાશની ખાલી વાદળી સાગરથી માગે છે, પામે છે ને વરસે છે! સાગરની સંપત્તિ આખરે સાગરને પાછી. એમ મને કાના માત્ર વગરના ત્રણ અક્ષર આપો.

રાજા અણમાનીતીની વાતોથી પ્રભાવિત થયો. ને કહ્યું, "માગ માગ! માગે તે આપુ."

રાણી કહે "અભય આપો" રાજા કહે 'આપ્યું'?

રાણી ચોરને ઘેર લઈ ગઈ અને કહ્યું, "રાજાજી તને અભય આપે છે તું છૂટો. લાખ મૂલ્યનો હીરો કાગડાને ઉડાડવા કાં વાપરે?"

ચોર રાજી રાજી થઇ ગયો. એને એ દિવસે માંકડવાળા ખાટલામાં ઉંઘ આવી ગઈ. સૂકા રોટલામાં બત્રીશ પકવાનની મોજ આવી.

રાણી શું નાચે! ખુદ ચોર નાચ્યો. એ રાજાજી પાસે ગયો ને બોલ્યો, 'અભયદાન મહાદાન છે. એ દાન મને મળ્યું. હું તરી ગયો. આજથી સાચો નાગરિક બનીશ. ભય અને હિંસા બે બહેનપણીઓ છે તેને તજીશ. મારૂં જીવન મને વહાલું છે, તેમ અન્યને પણ વહાલું હોય તેમ સમજીને ચાલીશ. જીવમાત્રના જીવને ઈજા પહોંચાડીશ નહિ. એ ચોર એ દિવસે તરી ગયો.

'મોતીની ખેતી' માંથી સાભાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૪૨ના આસો વદી

| ફંડ તથા જવાબદારીઓ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડ :-** | | |
| ફંડના પરિશિષ્ટ મુજબ ... .... ... | | ૩૮૪૫૭૫-૨૬ |
| પ્રમુખશ્રી સન્માન સમારંભ | | |
| ગઈ સાલની બાકી ... ... | ૬૫૯-૬૦ | |
| બાદ વર્ષ દરમ્યાન ખર્ચ .... | ૨૪૧-૪૦ | |
| | ———— | ૪૧૮-૨૦ |
| **જવાબદારીઓ :-** | | |
| ખર્ચ પેટે ... ... | ૪૩૮૦-૧૦ | |
| અગાઉથી મળેલી રકમો પેટે .... | ૩૧૧૪૭-૬૯ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે ... | ૨૩૦૩-૦૦ | |
| | ———— | ૩૭૮૩૦-૭૯ |
| સરવૈયા ફેરના | | ૯-૬૧ |
| | | ———— |
| કુલ રૂા..... | | ૪૨૨૮૩૪-૮૬ |

ટ્રસ્ટીઓની સહી

૧. હીરાલાલ ભાણજીભાઈ શાહ
૨. પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
૩. હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૪. ચીમનલાલ વર્ધમાન શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા–ભાવનગર

નોંધણી નંબર
એફ./૩૭ ભાવનગર

### અમાસના રોજનું સરવૈયું

| મિલકત | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **સ્થાવર મિલકત :–** ગઈ સાલની બાકી | ૧૧૧૩૧૬–૦૦ | |
| | ——— | ૧૧૧૩૧૬-૦૦ |
| **ડેડ સ્ટોક ફર્નીચર :–** | | |
| ગઇ સાલની બાકી .... ... ... .... | | ૬૮૫૨-૦૦ |
| **માલ સ્ટોક :–** | | |
| (ટ્રસ્ટીશ્રી/મેનેજરશ્રીની પ્રમાણીત યાદી મુજબ) .... ... | | ૧૦૪૩૫-૨૮ |
| **એડવાન્સીઝ :–** | | |
| ઈલેકટ્રીક ડીપોઝીટ .... .... ... ... | | ૧૪૦-૦૦ |
| **રોકડ તથા અવેજ :–** | | |
| (અ) ભા. ના. બેંક, યુનીયન, યુ કો. દેના બેંક | | |
| બેન્કમાં સેવીંગ્ઝ ખાતે | ૨૦૫૦૨–૫૯ | |
| બેન્કમાં ફીકસ્ડ અથવા કોલ ડીપોઝીટ ખાતે | ૨૭૩૦૦૦–૦૦ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે .... .... | ૨૧૬–૧૫ | |
| | ——— | ૨૯૩૭૧૮-૭૪ |
| **ઉપજ ખર્ચ ખાતુ :–** | | |
| ઉમેરો : ચાલુ સાલની તુટના આવક ખર્ચ ખાતા મુજબ | ૪૧૫૭-૩૦ | |
| બાદ : ગઈ સાલના જમા બાકી ... .... | ૩૭૮૫-૪૬ | |
| | ——— | ૩૭૧-૮૪ |
| | | ——— |
| **કુલ રૂા.** | | ૪૨૨૮૩૩-૮૬ |

ઉપરનું સરવૈયું અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલકત તથા લ્હેણાંનો સાચો અહેવાલ રજુ કરે છે.

**ભાવનગર**
તા. ૧૨ ડીસેમ્બર ૧૯૮૬

**સંઘવી એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૪૨ના આસો વદી અમાસના રોજ

| આવક | | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|---|
| **ભાડા ખાતે :- (લહેણી/મળેલી)** | .... | ... | .... | ૧૩૨૦૧-૦૦ |
| **વ્યાજ ખાતે :- (લહેણી/મળેલી)** | | | | |
| બેન્કના ખાતા ઉપર | .... | ... | .... | ૨૭૩૭૧-૫૦ |
| **દાન ગ્રાન્ટ :-** રોકડા અથવા વસ્તુરૂપે મળેલા નીચેની વિગતે : | | | | |
| ભેટ આવક | .... | .... | ૩૭૪૭-૫૫ | |
| જયંતિ પુજા ભેટ | .... | .... | ૪૫૦-૦૦ | |
| | | | ——— | ૪૧૯૭-૫૫ |
| **બીજી આવક :-** | | | | |
| પસ્તી વેચાણ આવક .... | | .... | ૧૫૮-૧૦ | |
| પુસ્તક વેચાણની આવક | | ... | ૧૨૩૭-૭૫ | |
| | | | ——— | ૧૩૯૫-૮૫ |
| **રીઝર્વ ફંડ ખાતેથી લાવ્યા :-** | .... | ... | .... | ૬૨૬૮-૦૦ |
| **બાદ જે સરવૈયામાં લઇ ગયા તે** | ... | .... | .... | ૪૧૫૭-૩૦ |
| | | | | ——— |
| **કુલ રૂા....** | | | | ૫૬૫૯૧-૨૦ |

**ટ્રસ્ટીઓની સહી**

૧. હીરાલાલ ભાણજીભાઇ શાહ
૨. પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
૩. હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૪. ચીમનલાલ વર્ધમાન શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા–ભાવનગર

નોંધણી નંબર
એફ./૩૭ ભાવનગર

પૂરાં થતા આવક અને ખર્ચના હિસાબ

| ખર્ચ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **મિલ્કત અંગેનો ખર્ચ :–** | | |
| મરામત અને નિભાવ ... .... | ૯૩૮૦–૦૦ | |
| વીમો ... ... ... | ૧૦૬૬–૦૦ | |
| | | ૧૦૪૪૬–૦૦ |
| **વહીવટી ખર્ચ :–** .... .... .... | | ૧૦૮૦૭–૨૦ |
| **કાનુની ખર્ચ** ... ... .... ... | | ૨૦૦–૦૦ |
| **ઓડીટ ખર્ચ :–** .... .... ... .... | | ૨૦૦–૦૦ |
| **ફાળો અને ફી :–** ... .... .... .... | | ૭૨૭–૯૫ |
| **પરચુરણ ખર્ચ :–** ... .... .... .... | | ૧૧૬૩–૨૦ |
| **રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલ રકમો** .... ... | | ૧૨૭૬૪–૦૦ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :–** | | |
| (અ) ધાર્મિક .... .... | ૬૭૧૮–૦૦ | |
| (બ) બીજા ધર્માદા હેતુઓ અંગેનો ખર્ચ ... | ૧૩૫૬૪–૮૫ | |
| | | ૨૦૨૮૨–૮૫ |
| **કુલ રૂા...** | | ૫૬૫૯૧–૨૦ |

**ભાવનગર**
તા. ૧૨ ડીસેમ્બર

**સંઘવી એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • ધર્મ સાધના

• સંકલન : **શ્રી હીરાલાલ બી. શાહ**

**ધર્મ** સાધના કરવા માટે ધનની જરૂર નથી તમારી પાસે ધન હોય તો પણ દાન આપીને અને શુભ પ્રસંગોમાં ધન વાપરીને ધર્મ કરી શકો છો છતાં પણ તમારી પાસે ધન ન હોય તો પણ તમો ધર્મની સાધના કરી શકો છો.

તમે કહેશો કે પણ અમારી તબિયત બરાબર નથી રહેતી. તો ધર્મ કેવી રીતે કરી શકીએ? ધર્મ સાધના માટે નીરોગી અને સશકત હોવું જરૂરી છે. પરંતુ તે અનિવાર્ય નથી. રોગી અવસ્થામાં કે નબળી તમિયતે પણ ધર્મ સાધના થઇ શકે છે.

ઘણા પૂછે છે કે ધર્મ આરાધના માટે જ્ઞાન જોઇએ. અમારી બુદ્ધિ એટલી તીવ્ર નથી. તો પછી અમે ધર્મની આરાધના કેવી રીતે કરી શકીએ.

મહાનુભાવો! તત્ત્વજ્ઞાની તમે હો તો ધર્મની રૂડી આરાધના કરી શકો એ ખરૂ છે પણ તમો તત્ત્વજ્ઞાની ન હો તો પણ ધર્મનું સેવન કરી શકો છો એ પણ ખરૂં છે. તમે પૂછશો કે તે કેવી રીતે બની શકે તે અમોને સમજાવો.

મહાનુભાવો! તમે ગમે તે સ્થિતિમાં હો, ગમે ત્યાં હો, પણ મૈત્રી આદિ શુભ ભાવનાઓ ભાવી શકો છો. વિશ્વના સમસ્ત જીવ રાશીનું કલ્યાણ વાંછી શકો છો. બધા જીવો ઉપર મૈત્રી ભાવ રાખી શકો છો. બીજાઓનો ઉત્કર્ષ જોઇ આનંદ પામી શકો છો.

પાપસ્થાનકોનું સેવન બંધ કરી શકો છો. શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબનું વર્તન રાખી શકો છો. દરેક સમયે મૈત્રી આદિ શુભ ભાવનાઓ મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાઓ તમારા અંતરમાં સતત રમતી હશે તો તમો કોઇનું પણ મનથી બૂરૂ નહિ ઇચ્છો, કોઈને પણ દુઃખ થાય એવું બોલશો નહિ તેમજ તેવું વર્તન પણ કરશો નહિ. પરિણામે તમો પાપથી બચી જશો.

મહાનુભાવો! આપણા વિચાર અને ચિત્તમાં કાયમ માટે દરેક સમયે મૈત્રી આદિ ચાર ભાવનાનાજ વિચાર રાખો. વ્યાખું જગત પાપથી મુક્ત થાઓ, આખા જગતમાં શાંતિ પ્રવર્તો, એવો ભાવ ભાવપૂર્વક મનમાં રાખો. સર્વ કલ્યાણનો 'સ્વ' કલ્યાણ જેવો ભાવ મનમાં રાખો. કોઇ પણ જીવને પણ અપકારી ન ગણવાનો ભાવ મનમાં રાખો. અપકારી 'સ્વ' કર્મ સિવાય બીજું કોઇ નથી તેવો ભાવ મનમાં સતત રાખો. 'શિવમસ્તુ સર્વ જગત.'ની ભાવનાને અસ્થિમજ્જાવત્ બનાવો અને પાપથી બચો.

## જિંદગીનું ગણિત

સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર;
બાદબાકી બૂરાઇની, ભ્રમનો ભાગાકાર.

— જયન્ત પાઠક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • નવધા ભક્તિનું સ્વરૂપ

( અનુસંધાન ગતાંક પાનુ પર થી ચાલુ )

નવ પ્રકારની આ જિનભક્તિનું માર્મિક સ્વરૂપ હવે આપણે વિચારીએ.

આ જીવને પાપ-ભક્તિ, સ્વાર્થ-ભક્તિ, સંસાર-ભક્તિ. અહં-ભક્તિ અનાદિકાળથી કોઠે પડેલી છે. માટે તે દુઃખી થાય છે.

જે ખરેખર દુઃખ સ્વરૂપ છે તે સંસારની ભક્તિ અબજો વર્ષ સુધી કરવામાં આવે તો સુખ ન મળે એ હકીકત છે.

પંડ પ્રત્યેના તીવ્ર રાગથી પ્રેરાઈને જીવ સંસારમાં સુખ શોધે છે. પણ જે વસ્તુ જેની પાસે છે નહિ, તે વસ્તુ તેની પાસે યાચવી તે નર્યું અજ્ઞાન છે.

ગાડી વાડી-લાડી આદિના મનાતા સુખ- આત્માને શી રીતે સુખી કરી શકે? ન કરી શકે, કારણ કે તે બધા પદાર્થો આત્મા માટે પર છે પરાયા છે. આત્માનું સુખ આત્મામાં છે. અને તે પણ અનંત સુખ ! જ્યારે ભૌતિક સુખો અંત પામવાના સ્વભાવવાળા છે. માટે જાગૃત એવા ચક્રવર્તીઓ અને દેવેન્દ્રો પણ પોતાના પદમાં આસક્ત નથી બનતા, પણ હોંસથી શ્રી જિનભક્તિમાં આસક્ત બને છે.

શ્રી જિન ભક્તિ, જીવને જડના રાગમાંથી છોડાવે છે. પૌદગલિક સુખોની લાલસાનો નાશ કરે છે.

આ ભક્તિ એકાએક લાગુ નથી પડતી પણ ધીમે ધીમે લાગુ પડે છે. કારણ કે જડની ભક્તિ- નો રીઢો જે રોગ જીવને લાગુ પડી ગએલો છે તે એકદમ ભાગ્યે જ નિર્મૂળ થાય છે.

શરીર પર ચઢેલો છ માસનો મેલ પણ જો એકદમ નાબૂદ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે, તો તે મેલની સાથે શરીરની ચામડી પણ ઉખડી જાય છે.

એટલે શરીર ઉપરના મેલની જેમ ભાવ મળ પણ ધીમે ધીમે દૂર કરવાનું વિધાન છે. વિરલ - સત્વવાળા આત્માઓ જ એક પ્રયત્નમાં સંસારને ફગાવી દઈને આત્માને પરમાત્માની ભક્તિમાં એકાકાર બનાવી શકે છે. બધા આત્માઓ તેમ નથી કરી શકતા.

એટલે ભક્તિની શુભ શરૂઆત શ્રી જિન નામ શ્રવણથી કરવી તે ભક્તિના શિખરે પહોંચવાનો રાજમાર્ગ છે.

જિન નામ શ્રવણથી શ્રવણેન્દ્રિય વશમાં આવે છે. માન કષાય મંદ પડે છે.

જિન નામ મંત્રનો પ્રભાવ અચિંત્ય છે, એમ શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે.

શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રમાં શાસન પ્રભાવક શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી ગાય છે કે-

"આસ્તામચિંત્ય મહિમા જિન! સંસ્તવસ્તે,
નામાપિ પાતિ ભવતે ભવતો જગન્તિ ॥"

આ અને આવી અનેક શાસ્ત્ર પંક્તિઓ છે કે જે શ્રી જિન નામ શ્રવણના અચિંત્ય મહિમાનું પ્રતિપાદન કરે છે.

નામમાં શું રાખ્યું છે? એમ લાગતું હોય તો એક દિવસ સવારે શ્રી ગૌતમ સ્વામીજીનું નામ લઈને નિત્ય કર્મનો પ્રારંભ કરજો અને બીજા દિવસે સવારે મમ્મણનું નામ લઈને નિત્ય કર્મનો પ્રારંભ કરજો ! તમને નામમાં શો પ્રભાવ છે, તેનો જાત અનુભવ થઈ જશે.

સકળ વિશ્વ ઉપર જેમનો સ્વભાવિક અચિંત્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભાવ છે તે વીતરાગ, સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્માનું નામ લેવાથી પહાડ જેવા વિઘ્નો પણ નાશ પામે છે.

પણ એ નામ પોતાના નામથી વધુ પ્યારૂં લાગવુ જોઇએ ત્યારે જ તે ભક્તિના અંગભૂત બને છે.

જે પુણ્યાત્માને શ્રી જિનરાજનું નામ સાકર કરતાં સવાયું મીઠું લાગે, નિમિત્ત ઉભા કરીને પણ તે શ્રી જિન નામ બોલે સાંભળે, તે પૂણ્યાત્માને શ્રીજિનગુણ કીર્તન સિવાય ભાગ્યે જ ચેન પડે.

સતી સ્ત્રીના ચિત્તમાં સ્વપતિના ગુણોની જ માળા ફરતી હોય છે. તેમ જિનભક્તિના ચિત્તમાં શ્રી જિનેશ્વરદેવના ગુણોની જ માળા ફરતી હોય. પોતાના આત્માને તે સતતપણે શ્રી જિનગુણથી જ ભાવિત કરતો હોય

મમતા છોડવા તે જિનરાજની સમતાનું કીર્તન કરે, ક્રોધ છોડવા તે જિનરાજની ક્ષમાનું સ્તવન કરે, કપટ છોડવા તે જિનરાજના ગીત ગાય, નિર્માલ્યતા ખંખેરવા તે જિનરાજના પરમ વીરત્વને વારંવાર સંભારે, ભયમુક્ત થવા માટે તે જિનરાજના અભય ગુણની ગંગામાં સ્નાન કરે. લોભને હણવા માટે તે જિનરાજના નિર્લોભીપણાનું રટણ કરે.

શ્રી જિનગુણના ગાનમાં એકાકાર થતો તે મનોમન એમ જ બોલે કે "અવર ન ધંધો આદરૂં નિશદિન તોરા ગુણ ગાઊં રે."

આવી મનોવૃત્તિ થવી તે જિનભક્તિ લાગુ પડયાની નિશાની છે.

ભક્ત શિરોમણિ પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે શ્રી જિનભક્તિને મુક્તિનું અબંધ્ય બીજ કહીને' ભક્તિ શું આપે? તે પ્રશ્નનો સચોટ જવાબ આપી દીધો છે.

એટલે આપણે તો આ માનવ ભવમાં તેને જ અગ્રીમતા આપવી જોઇએ.

ત્રિવિધ પ્રભુભક્તિ એક માનવ ભવમાં જ શક્ય છે. એ માનવ ભવ આપણને મળ્યો છે. એટલું જ નહિ, પરંતુ ઉત્તમ સામગ્રી યુક્ત મળ્યો છે.

શ્રી જિનરાજમાં જેને રૂચિ નહિ, તેની દશા ભૂંડી એ નિર્વિવાદ છે.

એ રૂચિનો પ્રારંભ શ્રવણ નામની ભક્તિથી થાય.

ભક્તિ-પદાર્થ ભક્તને ભગવાન સાથે જોડવાનું કામ કરે છે.

ભક્તિરૂપી પુલ જેટલો મજબુત તેટલી વહેલી મુક્તિ થાય.

સંસારની ભક્તિ જીવને શું આપે છે તે જગ જાહેર છે. તેમ શ્રી જિનરાજની ભક્તિ જીવને શું આપે છે તે પણ જગ જાહેર છે.

સંસારની ભક્તિએ મમ્મણને સાતમી નરક આપી.

શ્રી જિનભક્તિએ શ્રેણિક મહારાજાને જિનપદ આપ્યું.

લોભ-માન-ક્રોધ વગેરે સંસારના અંગભૂત છે. અલોભ-અમાન અક્રોધ વગેરે મુક્તિના અંગભૂત છે.

સર્વજ્ઞ- વીતરાગ શ્રી અરિહંત પરમાત્માને ભાવથી ભજવાથી તે ગુણો ખીલે છે. અને તેના પ્રતિપક્ષી દોષો નાશ પામે છે.

તેમાં શ્રી જિનગુણ સ્તવન રૂપ ભક્તિ અતિશય અગત્યનો ભાગ ભજવે છે. સ્વામિના સામર્થ્યમાં અપૂર્વ વિશ્વાસ પેદા કરે છે. પરમ ગુણવાન મારા સ્વામિ પરમ સૌભાગ્યવંતા છે. એ સત્ય હૃદયમાં સ્થિર થાય છે. એટલે ભાગ્યને ઘડવા માટે દુન્યવી આલંબનો તરફનો રાગ નાશ પામે છે.

શ્રી જિનગુણ—સ્તવન માટે પૂ. શ્રી યશોવિજયજી ગણિવર રચિત સ્તવનો ઊપરાંત શ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભકતામર સ્તોત્ર શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર વગેરેનાં નિત્ય પાઠ અતિ જરૂરી છે. અને તે બધામાં જેઓ પ્રવેશ ન કરી શકે તેમના માટે પણ શ્રી નવકાર તો છે જ. સર્વ શ્રેષ્ઠ સ્તવનોનો સાર શ્રી નવકાર છે.

સો વતની એક વાત એ છે કે આપણે દરરોજ ઉલ્લાસપૂર્વક શ્રી જિનગુણ ગાવાનું વ્યસન પાડવું જોઈએ. અર્થાત આપણને શ્રી જિનગુણ ગાવાની તલપ લાગે એ હદે આપણા ચિત્ત તંત્રને સાબદું કરવું જોઇએ.

તે સિવાય ચિંતન નામની ભકિત નથી જાગતી

જો ખોરાક જ ખાધો નથી તો ચાવીશું શું? શ્રી જિન ગુણ સ્તવન એ શ્રેષ્ઠ ભાવ-આહાર છે. વધુ ને વધુ માત્રામાં તેનું વિધિ બહુમાન-પૂર્વક સેવન કરીશું તો ચિંતન ભકિત આપમેળે આવીને ઉભી રહેશે.

ચિંતન શકિતનું મૂળ ચિત્ત છે. એ ચિત્તને આજે આપણે કયો ખોરાક ખવરાવીએ છીએ? "જેવું અન્ન તેવું મન" એ લોકોકિત હસી કાઢવા જેવી નથી. પણ સ્વીકારવા જેવી છે.

ગહનશ્રુત સાગરના એક બે બિંદુનો પણ મર્મ ચિંતન શકિત હોય છે તો તરત ઝીલી શકાય છે.

બુઠ્ઠી કલમથી લખી શકાતું નથી. તેમ રાગ-દ્વેષ વડે ખરડાયેલા ચિત્ત વડે પદાર્થના મર્મને-સ્વભાવને પકડી શકાતો નથી.

ચિત્ત ચોખ્ખુ થાય છે શ્રી જિનરાજના ગુણોના ગંગામાં અહર્નિશ સ્નાન કરવાથી તે પછી કર-વતનો 'ક' પણ નહિ ભણેલો માનવી મોટા પંડિતોને મુગ્ધ કરે એવું તત્વ નિરૂપણ કરી શકે છે, કારણ કે આત્મા સાથે તેનું જોડાણ થઈ જાય છે. અને આત્મા પોતે જ શ્રુતનો મહા-સાગર છે. "જ્ઞાન સ્વરૂપ મમલં પ્રવદન્તિ સંતઃ" એ વચન અહીં લાગુ પડે છે.

## પ્રેમ એ અમૃત

એક કલાક માટે પણ કોઇ મનુષ્ય તમને મળે તો તમારા પ્રેમપૂર્ણ વ્યવહારથી એના હૃદયમાં અમૃત ભરી દો. તમારી પાસેથી કોઇ ઝેર ન લઇ જાય તેમાં સાવધાન રહો. હૃદયમાંથી તમામ ઝેરને કાઢી નાખીને તેમાં અમૃત ભરી દો, અને ડગલે ને પગલે એ અમૃતની જ વહેંચણી કરો.

('આનંદની લહેરો'માંથી)

*

સાધકને માટે સૌથી મહાન પ્રતિબંધ (બાધા) કીર્તિની ચાહના છે, ધન અને સ્ત્રીનો મોહ છોડવો સહજ છે. પણ કીર્તિનો મોહ છોડવો બહુ મુશ્કેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ વંશવૃક્ષો માટે શ્રી યશોવિજયજી સ્મૃતિગ્રન્થ (પ્રકાશક યશોભારતી પ્રકાશન સમિતિ-વડોદરા) અને 'શાન્તિ સૌરભ' માસિકનો પૂ. ઉ. શ્રી યશોવિજય મ. શ્રુતાંજલિ વિશેષાંકનો આભાર.

સમ્રાટ અકબર પ્રતિબોધક શ્રી હીરવિજય સૂરીશ્વરજી મહારાજથી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી અને તેમના શિષ્યોની પરંપરા સુધીનું વંશવૃક્ષ.

# પૂ. ઉપા. શ્રી યશોવિજયજીનું વંશવૃક્ષ

શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ વિ. સં. ૧૫૮૩ થી ૧૬૫૧

ઉપા. કલ્યાણવિજયજી — વિજયસેનસૂરિ — ઉપા. કીર્તિવિજય

પં. લાભવિજય ગણિ — વિ. સં. ૧૬૦૪થી ૧૬૭૧ — વિ. સં. ૧૬૯૦

વિ. સં. ૧૬૬૦ — વિજયદેવસૂરિ — ઉપા. વિનયવિજયજી

વિ. સં. ૧૬૩૪થી ૧૭૧૩ — વિ. સં. ૧૬૬૭ થી ૧૭૩૮

શ્રી જિતવિજયજી — શ્રી નયવિજયજી — વિજયસિંહસૂરિ — વિજયપ્રભસૂરિ

વિ. સં. ૧૬૪૦થી૧૭૧૦ — વિ.સં. ૧૬૪૪થી ૧૭૦૯ — વિ.સં. ૧૬૭૭થી (૧૬૪૭?)

શ્રી પદ્મવિજયજી (શ્રી યશોવિજયજી ના ભાઇ) — ઉ શ્રીયશોવિજયજી વિ. સં. ૧૭૪૩ — ક્રિયોદ્ધારક પં. સત્યવિજયજી વિ. સં. ૧૬૮૦થી ૧૭૫૬

પં. શ્રી ગુણવિજયજી

પં. કેશરવિજયજી

પં. વિનીતવિજયજી

દેવવિજય ગણિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપા. શ્રી યશોવિજયજી ગણિની શિષ્ય પરંપરા

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી

- હેમવિજય
- જિનવિજય
  - સૌભાગ્યવિજય
  - રૂપવિજય ગણિ
- પં. ગુણવિજય
  - પં. કેશરવિજય
    - પં. વિનીતવિજય ગણિ
      - દેવવિજય ગણિ (વિ. સં. ૧૭૯૭માં યોગ દૃષ્ટિ સજ્ઝાયની નકલ કરનાર)
  - સુમતિવિજય
    - ઉત્તમવિજય (વિ.સં. ૧૮૩૦માં નવપદ પૂજાના કર્તા)
    - પ્રતાપવિજય
      - સીમંધર સ્વામીના સ્તવનની નકલ કરનાર
- દયાવિજય
- સયાવિજય
- માનવિજય ગણિ.
- માણેકવિજય
- મણિવિજય
- તત્ત્વવિજય
- લક્ષ્મીવિજય
  - તત્ત્વવિજયના ભાઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ન્યાય વિશારદ ન્યાયાચાર્ય મહા મહોપાધ્યાય

# શ્રી યશોવિજયજી મહારાજ

સં. : રાયચંદ મગનલાલ શાહ

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૫૬ )

પૂ. ઉપાધ્યાયશ્રીએ ન્યાય વિશારદ થયા પછી (૧૦૦) એકસો ગ્રંથો ની રચના કરી ત્યારે તેમને ન્યાયાચાર્ય તરીકે સંબોધવામાં આવ્યા હતા. આટલી વાત સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથો વિષે થઇ.

ગુજરાતી ભાષામાં પણ દ્રવ્ય ગુણ પર્યાયરાસ, સમ્યકત્વ ચતુષ્પદી, ષટ્સ્થાનક રાસ, જંબુસ્વામિ રાસ, શ્રીપાલરાસ, જેવી મોટી કૃતિઓ અને બીજી મધ્યમ અને લઘુ શાસ્ત્રીય, આધ્યાત્મિક અને ભક્તિરસ વિષયક રચનાઓ તેમણે ઘણી ઘણી કરી છે. કેટલીક સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી કૃતિઓ ઉપર બાલાવબોધો ગુજરાતી અનુવાદો પણ રચ્યા છે —એ રચનાઓ જોતાં આપણું લક્ષ એક બાત તરફ ખાસ જાય છે કે- જેમ તેઓશ્રીએ દાર્શનિક આદિ વિષયોને સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં આલેખ્યા છે તેજ રીતે તેમણે સંસ્કૃત પ્રાકૃત ભાષાથી અપરિચિત તત્વજ્ઞાન રસિક મહાનુભાવોની જીજ્ઞાસા પૂરવા એ વિષયોને ગુજરાતી ભાષામાં પણ ઉતાર્યો છે. દાર્શનિક, તાત્વિક, માર્મિક, આદિ ગંભીર વિષયોને લોકભોગ્ય ભાષામાં ઉતારવા માટેની વિરલ જન સુલભ કુશળતા ઉપાધ્યાયશ્રીમાં કેવી હતી ? અને તેઓશ્રી પોતાની વક્તવ્યને પરિમિત શબ્દોમાં ગદ્ય કે કવિતામાં કેવી રીતે આલેખી શકતા હતા ? તેનું માન આપણને તેમની દ્રવ્ય ગુણ પર્યાય રાસ બાલાવબોધ સહીત, સમ્યકત્વ ચતુષ્પદિકા બાલાવબોધ, શ્રીપાળ રાસ ચતુર્થ ખંડ, વિચારબિંદુ, તત્વાર્થ બાલાવબોધ, જ્ઞાનસાર બાલાવબોધ, અધ્યાત્મ મત પરીક્ષા બાલાવબોધ, આદિ કૃતિઓ દ્વારા થાય છે. પૂજ્ય ઉપાધ્યાયશ્રીની સ્વહસ્ત લિખિત પ્રતિઓ, પૈકી કેટલાક ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે. જે જે ગ્રંથો રચ્યા છે તે બધાય તો નહીં પણ નોંધપાત્ર ગણી શકાય તેવી અનેક પ્રતો સ્વહસ્ત લિખિત પ્રથમ આદર્શરૂપ પ્રતિઓ આજે આપણા જ્ઞાન ભંડારોમાં જોવા મળે છે જે આજે આપણા સામે વિદ્યમાન છે, એ જોતાં આપણને પ્રતીતિ થાય છે કે તેમની તલસ્પર્શી વિચારધારાઓના પ્રવાહો કેટલા અવિચ્છિન્ન વેગથી વહેતા હતા ? સાથે સાથે તેમનું પ્રતિભા પૂર્ણ પાંડિત્ય, ભાષા, વિષય અને વિચારો ઉપરનું પ્રભુત્વ એટલા આશ્ચર્યજનક હતાં કે તેમની કલમ અટકયા વિના દોડી જતી વિશ્વની વિભૂતિસ્વરૂપ આ મહાપુરૂષની આવી સ્વહસ્તલિખિત મૂળ પ્રતિઓનો આટલો વિશાળ રાશિ, એ કોઈ એક વ્યક્તિ કે પ્રજાનાજ નહિ, પણ આખા વિશ્વના અલંકાર સમાન છે.

સંસારમાં યુગ યુગાન્તરે કયારેક કયારેક જ આવી વિશિષ્ટ જ્ઞાનસંપન્ન સંસ્કારી વિભૂતિઓ જગતના પ્રાણીઓના પુણ્યરાશિથી આકર્ષાઇને અવતાર લે છે. જેમના અવતારથી વિશ્વ કૃત કૃત્ય થઇ જાય છે. અને એ વિભૂતિઓ વિશ્વને અપૂર્વ વારસો અર્પણ કરીને વિદાય થઇ જાય છે. પૂજ્ય ઉપાધ્યાયશ્રીએ એમના જીવન દરમ્યાન વિશ્વને આધ્યાત્મિક જ્ઞાનની ગંગા વહાવી દીધી છે

આજથી ૩૦ ત્રીશ વરસ અગાઉ પ.પૂ. મુનિશ્રી યશોવિજયજી હાલમાં પ પૂ. આ. શ્રી યશોદેવસૂરિશ્વરજી મ. સા ની પ્રેરણાથી યશોભારતી પ્રકાશન સમિતિએ " ન્યાય વિશારદ ન્યાયાચાર્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહોપાધ્યાય સ્મૃતિગ્રંથ પ્રસિદ્ધ કરી સુંદર સેવા કરી છે. તેઓશ્રી ભાવના પૂર્વક જણાવે છે કે "અહિં એક આનન્દપ્રદ સમાચાર જણાવું કે ઘણા વખતથી હેમસમીક્ષાની-જેમ યશઃ સમીક્ષા લખવાની મારી ભાવના હતી અને એ ભાવના આજે પણ ઊભીજ છે. દરમ્યાન જાણીતા વિદ્વાન શ્રીયુત હીરાલાલ ર. કાપડીઆને મળવાનું થયું. તેમની પોતાની પાસે ઉપાધ્યાયજી અંગેની કેટલીક નોંધો છે એવું તેમણે જણાવ્યું. મને થયું કે ઉપાધ્યાયજી અંગે લખવાની સામગ્રી એટલી વિશાળ અને વિપુલ છે કે એમને અંગે એક નહી પણ અનેક સમીક્ષાઓ લખાય તો પણ કંઇજ ખોટું નથી. અને ઉપાધ્યાયજી અંગે જેમણે જે વાંચ્યુ વિચાર્યું હોય તેમની શક્તિ, ચિંતન અને કલમનો લાભ લઇ લેવો, એટલે આ કાર્યની વરમાળા શ્રી કાપડીઆના ગળામાં પહેરાવી છે.

શ્રી હીરાલાલ કાપડીઆ વિદ્વાન પંડીત સંશોધક અને સમીક્ષક હોવાથી કુશળતા પૂર્વક સ્મૃતિગ્રંથનું કાર્ય પાર પાડયુ છે. એવીજ રીતે પ. પૂ. આ. શ્રી યશોદેવસૂરીજીની યશઃસમીક્ષા લખવાની ભાવનાને ૩૦ વરસ વીતી ગયા છે તે વહેલામાં વ્હેલી તકે પ્રગટ કરે એવી ભાવના મારી અને સકળ સંઘની છે. ઉપાધ્યાયજીની સાહિત્ય અંગ પૂ.-આચાર્યશ્રીને અત્યંત માન અને પ્રેમ છે તેઓશ્રી જણાવે છે કે "કોઇપણ મહાપુરૂષોની સાહિત્ય કૃતિઓ એ તેમનું જીવન, તેમની પ્રતિભા, તેમના જીવનનાં ઉદાત્ત તત્વો, બહુશ્રુતતા અને તાત્કાલીન પરિસ્થિતિનું માપ કાઢવાની આદર્શ અને સચોટ પારાશીશીઓ ગણાય છે.

જ્ઞાનમૂર્તિ ઉપાધ્યાયજીનો ચાર ચાર ભાષાઓમા રચાયેલો વિપુલ અને સમૃધ્ધ ગ્રન્થ રાશિ જોઇએ છીએ ત્યારે તેઓ નવસર્જનની રંગભૂમિ ઉપર એક સિધ્ધહસ્ત જ્ઞાનયોગીની અદાથી ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, નય, પ્રમાણ, તર્ક, આચાર, અધ્યાત્મ, તત્વજ્ઞાન, અને યોગશાસ્ત્ર સ્વરૂપ અંગ-ભંગો દ્વારા જાણે ચીત્તહારી એકાત્મ સ્વરૂપ ધારણ કરી રહ્યા હોય તેવું દૃશ્ય ખડું કરે છે.

પૂ. આચાર્યશ્રી પોતાની આંતરવેદના રજુ કરતા જણાવે છે કે આજના વિદ્વાનો અને શિક્ષિત વર્ગ પરદેશી વિદ્વાનોનાં નામ અને કામને જેટલું જાણે છે, તેટલું આ ભૂમિના મહાપુરૂષોનાં નામ અને કામને જાણતો નથી; આ એક કમનસીબ અને શરમજનક ઘટના છે. અરે! ખુદ ગુજરાતનાજ વિદ્વાનો પોતાનાજ ઘર આંગણે પ્રકટેલી આવી વિજ્ઞ વિભૂતિને કામથીતો પછી પણ નામથી પણ જ્યારે ન જાણે ત્યારે આંતરપ્રાંતીય વિદ્વાનોને તો આપણે શું કહી શકીએ?

પૂ. ઉપાધ્યાયજીના ગુણાનુવાદ તથા એમની જ્ઞાનગંગા વિષે પ. પૂ. આ શ્રી વિજયોદયસૂરિશ્વરજી, આ શ્રી લબ્ધિસૂરીશ્વરજી, આ. શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી, આ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી, મુનિશ્રી પુણ્યવિજયજી, પં શ્રી કનકવિજયજી ગણિ, પં. શ્રી ભદ્રંકરવિજયજી, શ્રી ધુરંધર વિજયજી, મુનિશ્રી જંબુવિજયજી, ઇત્યાદિ અનેક પૂજ્ય ગુરૂ ભગવંતો, સાધ્વિજી શ્રી મૃગાવતીશ્રીજી, સાધ્વિજીશ્રી મંજુલાશ્રીજી વગેરે સાધ્વિગણ પંડિતશ્રી દલસુખ માલવણીઆ, પં. શ્રી હીરાલાલ કાપડીઆ, મોહનલાલ દલીચંદ દેશાઇ, શ્રી નાગકુમાર મકાતી, પં. શ્રી સુખલાલજી ઇત્યાદિ અનેક ભાગ્યશાળીઓએ પૂ. ઉપાધ્યાયજીના જીવન કવન અને ગુણસ્તુતિ કરી છે.

અંતમાં પરમપૂજ્ય પરમ વિદ્વાન મુનિરાજ શ્રી જમ્બૂવિજયજી મહારાજના શબ્દોમાં કહીએ તો તેમનું જ્ઞાન સર્વ વિષયોમાં અગાધ હતું. અને તેમણે એટલા બધા વિષયો ઉપર સાહિત્ય સર્જન કર્યું છે કે તેમના સમકાલીન વિદ્વાનો પણ તેમને "શ્રુત કેવલી"ની ઉપમા આપતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતા. તેમજ તેમને કૂર્ચાલ શારદા એટલે દાઢી મૂછવાળી સરસ્વતી દેવી રૂપે વર્ણવતા હતા. તેમણે કયા કયા વિષય ઉપર લખ્યું છે એ કહેવા કરતાં કયા કયા વિષય ઉપર નથી લખ્યું એ કહેવું વધારે ઉચિત ગણાય. તેમના ભૂતકાળની કુત્રીકાપણની ઉપમા આપી શકાય. જેમ દેવાધિષ્ઠિત કુત્રીકાપણમાં જે વસ્તુ માગવામાં આવે તે બધી વસ્તુ મળી શકે તેમ આ મહાપુરૂષની સર્જનમાંથી પણ આપણને દરેક પ્રકારનું સાહિત્ય મળી શકે છે. જેને વાંચતાં જ્ઞાન પ્રેમી કોઇ પણ વિદ્વાનનું મસ્તક નમ્યા વિના રહે નહિ. આવા એક મહાન જ્યોતિર્ધરને થઇ ગયાને ૩૦૦ ત્રણસો વર્ષ પૂરા થાય છે. આ વર્ષ ત્રિશતાબ્દિ વર્ષ આપણે એવી રીતે ઊજવીએ કે એમની જ્ઞાનગંગાના અમૃતજળનું પાન કરીએ અને જગતને કરાવીએ જેથી સકલ વિશ્વ આત્મ સુખ પ્રાપ્ત કરી પૂર્ણતાને પામે એજ અભ્યર્થના.

# સ્વીકાર અને સમાલોચના

**નારી તુ નારાયણી :** લેખક શ્રી મફતલાલ સંઘવી, પ્રકાશક શ્રી પ્રેમચંદ વીરપાળ મુ. મોટા માંઢા, વાયા : વાડીનાર (જી. જામનગર) ૩૬૧ ૦૧૦. ચોથી આવૃત્તિ.

આ પુસ્તિકામાં નારીનું ગૌરવ શેમા છે અને સાચી આર્ય સંસ્કૃતિમાં સ્ત્રીનું સ્થાન શું છે તે સમજાવ્યું છે, આ પુસ્તકની કેટલીક પ્રસાદી :–

"જનનીની જોડ અજોડ છે જનેતાનો જોટો જગતમાં છે નહિ."

"માતાની મહાનતાના મૂળમાં સંતાનો પ્રત્યેના વાત્સલ્ય ઉપરાંત સ્વ-કર્તવ્ય પ્રત્યેની તેની નિષ્ઠા. સંસ્કૃતિ પ્રત્યેનો આદર મર્યાદાનું પાલન આદિ મહાન ગુણોનો એમાં સમાવેશ થાય છે."

— કા. જ.

**सप्तव्यसन कथासमुच्चय :**— મૂળ લેખક આચાર્ય સોમકીર્તિ : પ્રાપ્તિસ્થાન શ્રી ચન્દ્રકાન્ત મણીલાલ પટેલ આરાધના ભવન, વિશ્વનંદીકર જૈન સંઘ ઉપાશ્રય ભગવાનનગર ટેકરો. પાલડી અમદાવાદ-૭ (પ્રતાકારે) : સંશોધક-પ્રકાશક પં. મફતલાલ ઝવેરચંદ. મૂલ્ય : પઠનપાઠન.

ગ્રન્થ વાચકોને આ પ્રત સંસ્થાએ ભેટ આપવા નક્કી કરેલ છે. ગુજરાતી વાંચકોની સમજણ માટે શરૂઆતમાં સાત વ્યસન કથાઓનો સંક્ષિપ્ત ભાવાર્થ શરૂઆતમાં ગુજરાતીમાં આપેલ છે તે પછી સંસ્કૃતમાં સપ્તવ્યસનની કથાઓ આપેલી છે. વ્યાખ્યાનમાં વાંચવામાં ઘણી સરળતા રહે તેમ છે.

— કા. જ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપાસના ખંડ

ભગવાન મહાવીર સ્વામીના આનંદ આદિ શ્રાવકો ખેતી, ઢોરઉછેર, વાણિજ્ય વગેરે ધંધો કરતા, પરંતુ મહિનામાં આઠમ અને ચૌદસ એમ ચાર તિથિઓ એક અલાયદા ખંડમાં ૨૪ કે ૩૬ કલાક ઉપવાસ કે એક વખત ભોજન લઇ રહેતા. સામયિક, પ્રતિક્રમણ, વાચન, મનન અને સ્વાધ્યાયમાં સમય ગાળતા. ત્યાર પછી પણ થઇ ગયેલ મહાન શ્રાવકો આ પ્રમાણે યથાશક્તિ કરતા. પરંતુ હમણાં અર્વાચીન યુગમાં અને શહેરી જીવનમાં સુખી માણસો બંગલો કે ફ્લેટ ધરાવે છે પણ તેમા એક અલગ પૂજા રૂમ કે ઉપાસના ખંડ કે છેવટ જ્યાં પવિત્ર વાતાવરણ હોય તેવા એક ખંડનો ખૂણો પણ અલગ રાખતા નથી. આવી જગ્યા હોય તો ચોવીસ કલાક નહિ તો છેવટે રોજ સવારે યા રાત્રે એક યા બે કલાક શાંતિથી બેસી અધ્યયન, ભક્તિ કે ધ્યાન કરી શકાય.

તમે કોઇ પણ સાધનસંપન્ન ગૃહસ્થને ઘેર જશો, તો તમતે તેનો બધો વૈભવ બતાવશે પણ તેમાં તમને પૂજાખંડ ભાગ્યે જ જોવા મળશે. ખરેખર સાધના માટે ગૃહસ્થે પોતાના ઘરમાં આ સગવડ રાખવી જોઇએ, જેથી ત્યાં બેસી ભગવાનની મૂર્તિકે ચિત્રપટ સામે જોઈને તેમની મુદ્રામાં લીન થવાય. મૂર્તિ કે ચિત્રપટમાંથી ઊઠતાં પવિત્ર સ્પંદનોથી તારી આત્મશુદ્ધિ થાય, આત્મકલ્યાણની પ્રેરણા મળે. અહીં બેસે તો સંસારની ઝાળમાંથી શાંતિ પામે, શુભ વિચારમાં લીન થાય અને ભગવાન કે ગુરુમાં અહોભાવ લાવી તેઓ જે માર્ગે ગયા તે માર્ગે જવા તને પ્રેરણા મળે.

ટી વી., રેડિયો, સોફાસેટ, ડિનરસેટ વગેરેના સંગમાથી તને પાંચ ઇન્દ્રિયોની ભોગ-સામગ્રીનો જ વિચાર આવશે અને કર્મબંધન થયા કરશે. જો તારા ચોવીસે કલાક આમ પરવસ્તુ અને પરભાવમાં જશે તો તારા આત્માનો ઉદ્ધાર કદીયે નહિ થાય. પુણ્યથી મળેલ સામગ્રીથી તને પાપબંધન થશે. માનવજન્મ રૂપી મળેલ પારસમણિનો લાભ ન મળતાં તું જીવન ખોઇ બેસીશ.

આવા સ્થળે નિશ્ચિત સમયે તારા જીવનમાંથી જેટલો અવકાશ કાઢી શકે તેટલો સમય બેસી વાચન-લેખન-ભક્તિ-ધ્યાન કરીશ તો તારું ઊર્ધ્વગમન થશે, કર્મબંધન અટકશે. અને કર્મના ભારથી હળવો થઈ મોક્ષ તરફ પગલાં માડતો થઇશ. તારામાં વિવેકદૃષ્ટિ જાગ્રત થશે અને આવી ઉપાસનાથી તારું સમગ્ર જીવન સુધરી જશે. તને મંદિર કે ઉપાશ્રય જવાનો સમય મળતો નથી તો છેવટ આટલું તો ઘરમાં બેસીને જરૂર કર. સાચી દિશામાં ભરેલ એક ડગલું પણ તારા જીવનનો વિકાસ કરશે, અને સંસ્કારો સુધરી જશે. મૃત્યુ પછી કંઈ જ નથી આવતું પણ સાથે આવે છે સાચા કે ખોટા સંસ્કાર. માટે જે ભાથું સાથે આવી શકે અને ભવાંતરમાં તારું કલ્યાણ કરી શકે તેવી સામગ્રી મેળવી લે. આ રીતે તારો આ ભવ અને પરભવ બંને સુધરી જશે. તું જો સાચો વાણિયો હોય તો આ લાભનો સોદો જરૂર કરી લે.

(સંકલન હરિભાઇ શાહ, 'દિવ્યધ્વનિ'માંથી)

For Private And Personal Use Only

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૧૧ ૮૬ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સસ્કૃત ) | ૪૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૬૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૬૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૦-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૦-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૧૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૪૦-૦૦ |

## ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૩૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૦-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૨૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૩૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૦ ૦૦ |
| ,, ,, ભાગ ૨ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૫-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૧-૦૦ |
| સુક્ત મુક્તાવલી | ૧-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨-૦૦ |
| આર્હંત્ ધર્મપ્રકાશ | ૨-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૫-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૨-૦૦ |
| નવપદજીની પૂજા | ૫-૦૦ |
| ગુરૂભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર ( સૌરાષ્ટ્ર )

તંત્રી. શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.